
Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન

## E-Dakshinayan Newsletter

For Private Circulation Only

Vol. 12, Issue. 222, November 2021

हिमालयं समारभ्य यावत् इंदु सरोवरम् |
तं देवनिर्मितं देशं हिंदुस्थानं प्रचक्षते ||

हिमालय पर्वत से शुरू होकर भारतीय महासागर तक फैला हुआ इश्वर निर्मित देश है "हिंदुस्तान", यही वह देश है जहाँ इश्वर समय - समय पर जन्म लेते हैं और सामाजिक सभ्यता की स्थापना करते हैं ।

## દીપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

ભારતભૂમિની મહિમા એટલા માટે ગાવામાં આવી છે કે તે ત્યાગભૂમિ છે. આપણા ઋષિ–મુનિઓએ સમગ્ર ભારતને એક બનાવવા માટે 'ભારતવર્ષ મોટી ત્યાગભૂમિ છે' કહીને ખૂબ જ મોટો ફાળો આપ્યો, રાષ્ટ્રીય એકતાનું પાલન–પોષણ કર્યુ. કહેવામાં આવ્યું છે કે, **'दुर्लभं भारते जन्म.'** આપણો આ ભારત દેશ પરમ પવિત્ર છે, એવું આપણા પૂર્વજો કહી ગયા છે. આપણે પણ ગર્વથી કહી શકીએ છીએ કે ભારતની ધરતીના કણ–કણમાં હવાના અણુ–પરમાણુંમાં કંઈક કેટલાક ચમત્કારો ભરેલા છે. તુલસીદાસે પણ કહયું છે, **'भली भारत भूमि, भले कुल जन्म.'** આપણા આદ્યકવિ નરસિંહ મહેતાએ પણ કહયું છે કે, 'ભરત ખંડ ભૂતળમાં જન્મી જેણે ગોવિંદના ગુણ ગાયા રે' જેણે ભારતભૂમિમાં જન્મ મેળવ્યો અને ભગવાનના ગુણ ગાયા તે ધન્ય છે. આ જ વાત આસામના શંકરદેવ અને માધવદેવે પણ કહી છે. ન નરસિંહ મહેતાએ ગુજરાતની મહિમા ગાયી, ન શંકરદેવે આસામની મહિમા ગાયી. રામાયણ હિમાલયથી કન્યાકુમારી સુધી સંબંધ જોડે છે અને મહાભારત દ્વારકાથી આસામ સુધી. આ રીતે ભારતની પૂર્વ–પશ્ચિમ અને ઉત્તર–દક્ષિણની એકતા સર્વમાન્ય છે. ગીતાએ શીખવ્યું **'परस्परं भावयन्तः'** આ દષ્ટિ મનુષ્યોની સાથે સાથે, પશુઓની સાથે અને સૃષ્ટિની સાથે પણ રહી. ભારતના મહાસાગરમાં વિશ્વની સંસ્કાર–નદીઓ મળે છે. એટલે ભારતના પ્રાચીનતમ ગ્રંથ 'ઋગ્વેદ'માં **'विश्वमानुषः'** શબ્દ જોવા મળે છે. આ શબ્દ ભારતીય સંસ્કૃતિમાં એટલા માટે અવતરણ પામ્યો કે ભારતીય સંસ્કૃતિમાં નિરંતર એ ખ્યાલ કરવામાં આવ્યો કે આપણે ભારતીય સંકુચિત નથી, પરમ વ્યાપક છીએ. તેને જ 'દર્શન' કહે છે. ભારતની સંસ્કૃતિ સ્વયંમમાં સમાવનારી સમાવેશક સંસ્કૃતિ છે, તે **'शिवशक्ति'** છે. વેદ **'विश्वमानुष'** ની વાત કરે છે. પૃથ્વી પરના બધા જ મનુષ્યોનો એક પરિવાર છે, આ વાત કરતાં કહયું કે **'वसुधैव कुटुम्बकम'**.

મનુષ્યની એક પ્રકૃત્તિ હોય છે, એક સંસ્કૃતિ અને એક વિકૃતિ. પોતાના શ્રમ વડે ઉત્પન્ન થયેલી ચીજ પણ અન્યને આપ્યા વિના ખાશે નહી, અન્યને આપીને જ ખાશે, આ મનુષ્ય સંસ્કૃતિ છે. પુષ્પનો ઉપયોગ ભગવાનની મૂર્તિ સજાવવા માટે કરવો, તે માનવીય સંસ્કૃતિ છે. ભારતની સંસ્કૃતિ પ્રયોગશીલ છે. ભારત પ્રાચીન કાળમાં ઘણો જ પ્રવૃત્તિમય હતો. અહી આધ્યાત્મિક પ્રવૃત્તિ ઘણી ગહન અને ગૂઢ ચિંતનમાં પ્રવૃત્ત હતી. બ્રહમચર્યની પ્રતિષ્ઠા, ગૃહસ્થાશ્રમના નિયમ, વાનપ્રસ્થાન, વિશ્વાસ, શિક્ષણ પર રાજયસત્તાનો અધિકાર ન હોવો, કોઈ પણ પોતાનું કાર્ય ત્યજીને નફા માટે અન્યના કાર્યમાં મુશ્કેલી ઊભી ન થાય–એવા અનેક પ્રકારના પ્રયોગો ભારતમાં થયા. કોઈ વર્ણના નામથી થયા, કોઈ આશ્રમના નામથી, કોઈ યોગાભ્યાસના નામથી, કોઈ ભકિતના નામથી, કોઈ તત્વજ્ઞાન અને દર્શનના નામથી, કોઈ ગુણવિકાસના નામથી, એવાં વિવિધ નામ આપીને આધ્યાત્મિક પ્રયોગો ભારતમાં થયા. આધ્યાત્મિક વિચાર–સંપદા છે, જેને આપણે 'જીવનનું પાથેય' કહીએ છીએ, તે પણ આપણા માટે અદ્વિતીય છે. ભાષાઓ બદલી, અપભ્રંશ થયું, પરંતુ ભારતની જ્ઞાનપરંપરા ખંડિત ન થઈ. યાસ્કાચાર્યે કહયું **'सनातनो नित्यनूतनः'** એવી આપણી સનાતન–સંસ્કૃતિ છે.

ભારતભૂમિમાં શંકારાચાર્ય, વેદ વ્યાસ, રામાનુજ, વલ્લભાચાર્ય, નામદેવ, ગુરુ નાનક, સંત કબીર, ભગવાન બુધ્ધ, ભગવાન મહાવીર, સંત તુલસીદાસ, સંત એકનાથ, સંત કબીર, શંકર, રામાનુજ, ચૈતન્ય, માણિકયવાચકર જેવા અત્યંત જ્ઞાનવાન, ભકિતમાન, આચાર્ય, સંત પુરુષ થયા જેમણે ભારતમાં ભકિતમાર્ગ ફેલાવ્યો, ભારતભરમાં પદયાત્રા કરી, અને એક લોકમાનસ બનાવ્યું. આ એક ભારતની સામુહિક પરંપરા છે, તેના કારણે ભારત એક બન્યું છે. સંતપુરુષોની તપશ્ચર્યાને કારણે ભારત એક બન્યું છે.

શ્રી અરવિંદ પશ્ચિમની સંસ્કૃતિને જાણી ગયા હતા. વિજ્ઞાન, સાહિત્ય, કાવ્ય, રાજનીતિ, અર્થશાસ્ત્ર, તત્વજ્ઞાન બધામાં પ્રવીણ હતા. પરંતુ તેમણે શું કર્યુ ? ઉપનિષદોનું અધ્યયન કર્યુ, વેદ પર ભાષ્ય લખ્યું, ગીતા પર ચિંતન કર્યુ, અને નવીન 'યોગશાસ્ત્ર' વિશ્વને અર્પણ કર્યુ. આ રીતે ભારતીય સંસ્કૃતિને ઉજ્જવળ કરી. મહાત્મા ગાંધી બે સંસ્કૃતિઓના સંગમ હતા. તેમણે પશ્ચિમનો વિચાર આત્મસાત કર્યો અને ભારતના વિચાર તેમાં ભર્યા. આ રીતે મધુર ફળનું નિર્માણ થયું.

ભારતને મહાન વિરાસત મળી છે તેટલી વિશ્વના બીજા કોઈ દેશને મળી નથી. આ વિરાસતને કાયમ રાખવા અને આગળ ધપાવવાની જવાબદારી આપણા સૌ ઉપર છે. ભારતિયારે ગાયું છે કે, **'भारतनाडू पेरियनाडू'** (મહાન) છે–જ્ઞાનમાં, મૌનમાં, ધ્યાનમાં, દાનમાં. આપણે આ વૈભવને આગળ ધપાવવાનો છે.

**તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૧**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### મુલાકાત

સુરત શહેરના કલેક્ટરશ્રીએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત લીધી.





સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગરના શ્રી પઢેરએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત લીધી.






જનરલ મેનેજર શ્રી સંજીવ શીંગવી (Shanjiv Shinghvi) એ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત લીધી.



આસિસ્ટન્ટ જનરલ મેનેજર શ્રી પવન જૈન (Pavan Jain) એ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત લીધી.



**IPDC Certificate Course VNSGU Launching Ceremony**
**Date: 15-12-2021, Time: 10:30 AM**



આજે દેશ અને વિશ્વમાં સારા વ્યવસાયિકોની કોઇ કમી નથી. ડોકટર, સીએ, એન્જિનિયર, આર્કિટેકચર મોટી સંખ્યામાં છે. કોઈ પણ ક્ષેત્રમાં ૧૫ ટકા વ્યવસાયિકો જોબલેસ છે. પરંતુ આજે સમાજમાં મૂલ્યનિષ્ઠ વ્યકિતઓની વધારે જરૂર છે. વ્યકિતગત પારિવારિક અને જાહેર જીવનમાં કયાંય નવું–જુદું કરી શકે એવા વ્યકિતની જરૂર છે. આ શબ્દો છે બી.એ.પી.એસ. સંસ્થાના સંત અને

જાણીતા મોટિવેશનલ સ્પીકર એવા જ્ઞાનવત્સલ સ્વામીના બુધવારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ઇન્ટિગ્રેટેડ પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સ શરૂ કરવા માટે યુનિવર્સિટી અને બી.એ.પી.એસ. વચ્ચે એમઓયુ થયા હતા. દરમિયાન મુખ્ય વકતા તરીકે શ્રી જ્ઞાનવત્સલ સ્વામી હાજર રહયા હતા.

























launching ceremony
ipdc
the Heart of
EDUCATION








launching ceremony
ipdc
the Heart of
EDUCATION




launching ceremony
ipdc
the Heart of
EDUCATION



















## શ્રધ્ધાંજલી

વીર નમદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે તા.૧૫–૧૨–૨૦૨૧, બુધવારના રોજ સાંજે ૪:૦૦ કલાકે કુન્નુર હેલિકોપ્ટર  દુર્ઘટનામાં શહીદ થયેલા જવાનોની યાદમાં "શ્રધ્ધાંજલી કાયક્રમ"નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કાર્યકારી કુલસચિવ ડૉ. જયદીપ ચૌધરી, સિન્ડિકેટ સભ્યશ્રી કનુભાઈ ભરવાડ, ડૉ. કે. સી. પોરીયા, શ્રી કિરણભાઈ ઘોઘારી, શ્રી મહીડા વીરેન, શ્રી વિમલભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. "શ્રધ્ધાંજલી કાર્યક્રમ"માં શ્રી મનમોહનસિંહ શર્મા, એરર્ફોસના રીટાયર્ડ ફૌઝી અને પૂર્વ સૈનિક પરિષદના અધ્યક્ષ તેમજ અન્ય ૦૬ એરર્ફોસના રીટાયર્ડ ફૌઝી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી શર્માજીએ તેમના કાર્યકાળ દરમ્યાનની વિવિધ લડાઈઓનું વર્ણન કર્યુ હતું અને વીર શહીદ જવાનોને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. તે પછી ૦૨ મિનીટનું મૌન કરવામાં આવેલ હતું, ત્યારબાદ હાજર સૌ કોઈ વ્યકિતએ પુષ્પ અર્પણ કરી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. કાર્યક્રમમાં જુદી જુદી કોલેજોના ૨૦૦થી વધુ સ્વયંસેવકો, યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વડાશ્રીઓ, પ્રોફેસર તેમજ વિદ્યાર્થીઓ અને વહીવટી કર્મચારીઓ કુલ મળીને ૫૦૦ લોકો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ યુનિવર્સિટીના અધિકૃત સોશિયલ મીડિયા  માધ્યમ પર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની સંપૂણ વ્યવસ્થા અને સંચાલન એન.એસ.એસ.ના શ્રી પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવેલ હતું.

## લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી,પંજાબ ખાતે જનાર બોક્ષિગ (ભાઈઓ)ની ટીમ




લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી,પંજાબ મુકામે ઇન્ટર ઝોનલ યુનિવર્સિટી બોક્ષિગ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમોને શુભેચ્છા સમારંભમાં કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાના પ્રમુખે પદે તથા ઈ.ચા કુલસચિવશ્રી ડૉ.જયદીપભાઈ ચૌધરીના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત–ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓના પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી.

આ ટીમના કોચ તરીકે શ્રી પ્રદિપ લેન્કા અને મેનેજર તરીકે શ્રી નવીન મિશ્રા સેવા આપી રહ્યા છે.

ફૂટબોલ (ભાઈઓ)ની ઇન્ટર ઝોનલ યુનિવર્સિટી ટીમઃ ૧. શ્રી વસાવા સતીષ ડી., ૨. શ્રી નીશાદ ધર્મેશ એસ., ૩. શ્રી નીશાદ કલ્પેશ એમ., ૪. શ્રી પાંડે અનીકેત જે., ૫. શ્રી શાવ રોશન પી., ૬. શ્રી હર્ષ એસ., ૭. શ્રી મિશ્રા રીષભ પી., ૮. શ્રી પુન હેમંત એસ., ૯. શ્રી બરાલી સંતોષ એ., ૧૦. શ્રી પંચાલ ધ્રુવ આર.

## યુનિવર્સિટી ઓફ કોટા, રાજસ્થાન ખાતે જનાર ફૂટબોલ (બહેનો)ની ટીમ




યુનિવસર્સિટી ઓફ કોટા, રાજસ્થાન મુકામે આંતર યુનિવર્સિટી ફૂટબોલ (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. કે.એન. ચાવડાના પ્રમુખ પદે તથા ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. જયદીપ ચૌધરીના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત–ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેક્ટર શ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી.

આ ટીમના કોચ તરીકે પ્રા. અંકુર પટેલ અને મેનેજર તરીકે ડૉ. હેતલ ઢીમ્મર સેવા આપી રહ્યાં છે.

ફૂટબોલ (બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમઃ ૧. કુ. સૂર્યવંશી શીલા એસ., ૨. કુ. ગવલી રીના ડી., ૩. કુ. ભોયે સપના એમ., ૪. કુ. સોલંકી હિના કે., ૫. કુ. હલપતી ખુશ્બુ કે., ૬. કુ. કાડવલા શ્રધ્ધા એ., ૭. કુ. બીંડ કલ્પના બી., ૮. કુ. મુદા સાક્ષી એમ., ૯. કુ. ચૌધરી રિસીકા એચ., ૧૦. કુ. રાજપુત પ્રાંજલસિંગ પી., ૧૧. કુ. સારંગ રુચિકા એ., ૧૨. કુ. મારીયા નાઝીબ એમ., ૩. કુ. સુથાર ભાવિકા સી., ૧૪. કુ. સોલંકી ભાવિકા જે.

## રાની દુર્ગાવતી વિશ્વવિદ્યાલય, જબલપુર ખાતે જનાર વોલીબોલ (ભાઈઓ)ની ટીમ




રાની દુર્ગાવતી વિશ્વવિદ્યાલય, જબલપુર મુકામે વેસ્ટઝોન ઇન્ટર યુનિવર્સિટી વોલીબોલ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ.કે.એન.ચાવડાસરના પ્રમુખ પદે તથા ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપ ચૌધરી તથા બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી વિનોદ પટેલ અને યુનિવર્સિટીના નિયામકશ્રી પોલ ડેવિડના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત–ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં અને આભારવિધિ કરી હતી.

આ ટીમના કોચ તરીકે ડૉ. મેહુલ ગાંધી અને મેનેજર તરીકે પ્રો.સંજય પટેલ સેવા આપી રહ્યા છે.

વોલીબોલ (ભાઈઓ)ની વેસ્ટઝોન ઇન્ટર યુનિવર્સિટી ટીમઃ ૧. શ્રી પટેલ હિમીલ આર., ૨. શ્રી ગોહિલ ભવ્યરાજ ડી., ૩. શ્રી ટંડેલ મિહીર એચ., ૪. શ્રી આહીર પ્રિન્સ આર., ૫. શ્રી તિવારી કાર્તિક કે., ૬. શ્રી મલકે

રેહાન ઝેડ., ૭. શ્રી તિવારી વિકાસ વી., ૮. શ્રી યાદવ સાહિલ આર., ૯. શ્રી ટંડેલ દર્પણ કે., ૧૦. શ્રી ઉમરીગર વિસંગ એમ., ૧૧. શ્રી યાદવ વિજય જે., ૧૨. શ્રી પટેલ તરંગ પી.

## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

#### નેશનલ પાવરલીફટીંગ ચેમ્પિયનશીપ સ્પધા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઇ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે તા. ૧૭/૧૧/૨૦૨૧ને બુધવારથી તા. ૨૦/૧૧/ ૨૦૨૧ને શનિવાર દરમ્યાન હૈદરાબાદ ખાતે આયોજીત નેશનલ પાવરલીફટીંગ ચેમ્પિયનશીપમાં કોલેજના મિશ્રા પૂજાદેવી જે પર કિ.ગ્રામ વગમાં વિજેતા બનીને ત્રીજું સ્થાન મેળવી કોલેજનું ગૌરવ વધાયું છે.ઉપરોકત ખેલાડીઓને કોચિંગ કોલેજના પૂર્વ વિદ્યાર્થી શ્રી મનીષ ડી. તિવારી અને શ્રી નિમેષ સુરતીએ આપ્યું હતું.

વિજેતાઓને જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી, ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ તરફથી ખુબ ખુબ અભિનંદન....ઉપરોકત વિજેતાઓને ઇનામ વિતરણ સમારંભમાં મોમેન્ટોથી નવાજવામાં આવશે.

#### ગુજરાત રાજ્ય વેઇટ લીફટીંગ સ્પર્ધા

(૧) તા. ૨૧–૧૧–૨૦૨૧ને રવિવારના રોજ સી.બી. ભંડારી હાઈસ્કુલ, મગદલ્લા–સુરત ખાતે રમાયેલ ગુજરાત રાજ્ય વેઇટલીફટીંગ (જુનિયર ભાઈઓ–બહેનો) સ્પર્ધામાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજના નીચેના ખેલાડીઓ વિજેતા બનીને કોલેજનું ગૌરવ વધાર્યુ છે. બી.કોમ.સેમ–૪, રોલ નં. ૧૯૧૫ શ્રી હર્ષદ એન. ધંધુકીયાએ ૫૫ કિ.ગ્રામમાં સિલ્વર મેડલ, બી.એ.સેમ–૬, રોલ નં. ૨૬૮૯ શ્રી ધ્રુવકુમાર એસ. રાઠોડએ ૬૧ કિ.ગ્રામમાં સિલ્વર મેડલ, બી.કોમ. સેમ–૬, રોલ નં. ૪૯૮૩ શ્રી પ્રદીપ બી. ડોડીયાએ કિ. ગ્રામમાં બ્રોન્ઝ મેડલ, બી.કોમ. સેમ–૪, રોલ નં.૧૯૧૬ શ્રી ધ્રુવ આર. પંચાલએ ૭૩ કિ.ગ્રામમાં સિલ્વર મેડલ, બી.કોમ.સેમ–૬ રોલ નં.૩૭૧૨ શ્રી ઓમકાર એન પ્રજાપતિએ ૮૯ કિ.ગ્રામમાં ગોલ્ડ મેડલ બી.કોમ. સેમ–૬, રોલ નં. ૨૯૪૧ શ્રી ચેતન વી. સતીયાએ ૯૬ કિ. ગ્રામમાં સિલ્વર મેડલ મળેલ છે.ઉપરોકત ખેલાડીઓને શ્રેષ્ઠ કોચીંગ કોલેજના પૂર્વ વિદ્યાર્થી શ્રી મનિષ ડી. તિવારી તેમજ શ્રી નિમેષ સુરતીએ આપ્યું હતું. વિજેતાઓને જીવન જ્યોત ટ્રસ્ટ,અમરોલી ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ તરફથી ખુબ ખુબ અભિનંદન.



(૨) જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૮–૧૧–૨૦૨૧ને રવિવારના રોજ ઇન્ડિયન વેઇટલીફટીંગ ફેટરેશન ગુજરાત રાજ્ય ઓલમ્પિક એસોસિએશન સ્પર્ધામાં (સિનિયર ભાઇઓ–બહેનો) કોલેજોના નીચેના ખેલાડીઓ વિજેતા બનીને કોલેજનું ગૌરવ વધાયું છે. મેધા. એમ. પટેલ (ગોલ્ડ મેડલ), કિંજલ ડી. પરમાર (સિલ્વર મેડલ), ચેતના વિ. સતીયાને (સિલ્વર મેડલ) મળેલ છે.ઉપરોકત ખેલાડીઓને શ્રેષ્ઠ કોચિંગ કોલેજના ડૉ. રૂસ્તમ એન. સદરી તથા પૂર્વ વિદ્યાર્થી શ્રી મનીષ ડી. તિવારી અને શ્રી નિમેષ સુરતીએ આપ્યું હતું. વિજેતાઓને જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી, ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ તરફથી ખુબ ખુબ અભિનંદન.



## VNSGU College Boxing Tournament



તા. ૨૮–૧૧– ૨૦૨૧ ને રવિવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર કોલેજ ટુર્નામેન્ટમાં કોલેજના મિશ્રા પુજાદેવી મહેન્દ્રભાઇ જે 52 kg to 54 kg ના વર્ગમાં (ગોલ્ડ મેડલ), રાજપૂત શિવાની જયપ્રતાપ જે. 48 kg to 50 kg ના વર્ગમાં (સિલ્વર મેડલ) અને ગોહેલ પિન્કી દિલીપભાઇ જે 60 kg to 63 kg ના વર્ગમાં (બ્રોન્ઝ) મેડલ મેળવી જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઇ કોમર્સ કોલેજ, અમરોલી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. ઉપરોકત ખેલાડીઓને શ્રેષ્ઠ કોચીંગ કોલેજના ડૉ. રૂસ્તમ એન. સદરી તથા પૂર્વ વિદ્યાર્થી શ્રી મનિષ ડી. તિવારી તેમજ શ્રી નિમેષ સૂરતીએ આપ્યું હતું. વિજેતાઓને જીવન જયોત ટ્રસ્ટ, અમરેલી, ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ તરફથી ખુબ ખુબ અભિનંદન.

## શ્રધ્ધાંજલી






જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા.૧૦–૧૨–૨૦૨૧ને શુક્રવારના રોજ કોલેજના NSS વિભાગના નેતૃત્વ હેઠળ કર્નલ બિપિન રાવત અને તેમના ધર્મ પત્ની તથા સાથી જવાનોના શ્રધ્ધાંજલી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર ભરતભાઈ ડી. પટેલ તથા પ્રોફેસર છાયાબેન યુ. નાયક દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના સમગ્ર સ્ટાફ સભ્યો તથા NSS સ્વયં સેવકો હાજર રહી ૨ મિનિટનું મૌન રાખીને દેશના સૌપ્રથમ C.D.S. શ્રી બિપિન રાવતને શ્રધ્ધાંજલી આપવામાં આવી. જેમાં NSS સ્વયંસેવક શ્રી સાહિલ પારઘી, શ્રી ઈશાન અગ્રવાલ, શ્રી સુરજ લુખી દ્વારા કર્નલ બિપિન રાવતના જીવનચરિત્ર વિશે પરિચય આપ્યો અને તેમણે સેનામાં ભજવેલી અગત્યની ભૂમિકાની માહિતી આપવામાં આવી હતી.

## વકતૃત્વ સ્પર્ધા



તા.૧૩–૧૨–૨૦૨૧ને સોમવારના રોજ નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા આયોજીત જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજમાં "દેશભકિત અને રાષ્ટ્રનિર્માણ સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ સબકા પ્રયાસ" વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જીલ્લા કક્ષાએ અમરોલી કોલેજ વતી ઈશાન અગ્રવાલ અને કેવિન ચાંગાણીએ ભાગ લીધો હતો. જેમાંથી કેવિન ચાંગાણીનું રાજય કક્ષાએ સુરતનું પ્રતિનિધિત્વ કરવા પસંદગી કરવામાં આવી છે.વિજેતાને જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી, ઈ.ચા. આચાર્યશ્રી ડાૅ. રાજેશકુમા ડી. રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## પંચ પ્રકલ્પ

(૧) જીવન જયોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઇ કોમર્સ કોલેજ, અમરોલીમાં NSS વિભાગ દ્વારા પંચ પ્રકલ્પ અંતર્ગત **'अपनी नदी को जानिए'** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર

કાર્યક્રમનું સંચાલન NSS Programme officer પ્રો. ભરતભાઇ ડી. પટેલ, પ્રો. છાયાબેન યુ. નાયક ધ્વારા કરવામાં આવ્યું હતું. પ્રો. ભરતભાઇ ડી. પટેલ, પ્રો. છાયાબેન યુ. નાયક દ્વારા નદીઓ અંગે માહિતી આપવામાં આવી હતી. NSS સ્વયં સેવિકા કીર્તિ ગુપ્તા દ્વારા **'अपनी नदी को जानिए'** કાર્યક્રમ અંતર્ગત નદીઓનું મહત્વ તેમજ ભારત દેશમાં હાલ નદીઓની શું પરિસ્થિતિ છે ? તે અંગે વિશેષ માહિતી આપી તેમજ NSS સ્વયં સેવકો શ્રી સાહિલ પારધી અને ઇશાન અગ્રવાલ દ્વારા નદીની સાફ સફાઈ અંગેના સ્વચ્છતા રાખવા માટેની પ્રતિજ્ઞા અપાવી. સમગ્ર કાર્યક્રમમાં ૩૭૮ જેટલા વિધાથીઓએ હાજરી આપી હતી. અંતે કાર્યક્રમનું સમાપન રાષ્ટ્ર ગાન દ્વારા કરવામાં આવ્યું હતું.






(૨) જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઇ કોમર્સ કોલેજ, અમરોલીમાં NSS વિભાગ દ્વારા તા. ૧૪–૧૨–૨૦૨૧ને મંગળવારના રોજ માગશર સુદ એકાદશીના ગીતા જયંતીના શુભદિનેપંચ પ્રકલપ અંર્તગત "શ્રીમદ ભગવદ ગીતા જયંતિ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSS Programme Office તથા તમામ વિઝીટીગ સ્ટાફ સભ્યોએ પોતાના વર્ગોમાં ગીતામાંથી એવી ઘણી વાતો છે કે જે આપણા જીવન વિકાસ માટે જરૂરી છે તે અગત્યતા વિશે સમજ આપી તથા એ એક વૈશ્વિક ગ્રંથ છે અને તેની ઉપયોગીતાની ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ વિધાર્થીઓને પોતાનું વકતવ્ય આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં વિધાર્થીઓએ પોતાના વિચારો રજુ કર્યા.





## દ્વિતીય રક્તદાન શિબિર



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેન્ક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ તથા અમરોલીનો એન.એસ.એસ. વિભાગ, સુરત રકતદાન કેન્દ્ર, ફેમિલિ ફિઝિશ્યન એસોસીએશન, સુરત, ઈન્ડિયન મેડિકલ એસોસીયેશન, સુરત મહાનગરપાલિકા એસ ટી.ડી.કેર પ્રોજેકટ સુરતના સંયુકત સહયોગથી પ્રિ. ઈ.ચા. ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં નેતૃત્વ હેઠળ ગુરુવાર તા. ૧૬–૧૨–૨૦૨૧નાં રોજ અમરોલી કોલેજ ખાતે શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૧–૨૨ દરમ્યાન દ્વિતીય રકતદાન શિબિરનું આયોજન થયું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કોલેજનાં ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, અમરોલી કોલેજ પરિવાર તથા એસ ટી.ડી.કેર પ્રોજેકટ–સુરત મહાનગરપાલિકાનાં ડૉ. સૌદરવા અને તેમની ટીમ ઉપસ્થિત રહ્યા હતા. ઈ.ચા.આચાર્યશ્રી ડૉ.

રાજેશકુમાર ડી. રાણા દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમજ ડૉ. સૌદરવાએ રકતદાનનું મહત્વ સમજાવી પ્રાંસગિક ઉદ્બોધન કર્યું હતું સુરત રકતદાન કેન્દ્રનાં મેડીકલ ઓફિસર ડૉ. જૈમીનીબેન પટેલ અને તેમની ટીમે પ્રસંશનીય કામગીરી બજાવી હતી.



**જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.**



### મતદાર યાદી સુધારણા

જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગેજી માધ્યમ) વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલી કોલેજમાં તારીખ ૨૫–૧૧–૨૦૨૧ના રોજ NSS ઓરીએન્ટેશન કાર્યક્રમ અને મતદાર યાદી સુધારણા કાર્યક્રમ આયોજીત થયેલ હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે સુરતના એડીશનલ કલેકટર શ્રી હિતેન્દ્ર કેલૈયાએ મતદાર યાદીમાં નામ દાખલ કરવા બાબતે અને નામ સુધારણા બાબતે વિધાર્થીઓને વિસ્તારથી માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં શનિવાર તા. ૨૭–૧૧–૨૦૨૧ તથા રવિવાર તા. ૨૮–૧૧–૨૦૨૧ ના રોજ યોજાનાર મેગા મતદાર યાદી સુધારણા કાર્યક્રમની જાહેરાત કરી જેમાં ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે નામ દાખલ કરાવી શકાશે જેના પોર્ટલ, એપ્લીકેશન અને ફોર્મ વિષે માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ જીવન જયોત ટ્રસ્ટના મંત્રી શ્રી અશ્વિન પટેલ, શ્રી અનુજ શાહ તથા પ્રિ. ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો. જેનું સફળ સંચાલન ડૉ. જીગ્નેશ વાઘેલા, NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. જયોતિકા ટેલર તથા ડૉ. પ્રદિપકુમાર લેન્કા ધ્વારા કરવામાં આવ્યું હતું. ૧૦૦ જેટલા NSS સ્વયંસેવકો સમયદાન આપી આગામી નવા મતદારોની નોંધણી કરવા માટે શનિવાર અને રવિવાર દરમિયાન શ્રમદાન આપવા શપથ લીધા હતા.










## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી. એડ. કોલેજ, સુરત.

### ગાંધી સપ્તાહ



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ.કોલેજ. પાંડેસરા ખાતે તા. ૨૭મી સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી ગાંધી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધી સપ્તાહની ઉજવણીમાં અલગ–અલગ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં તા. ૨૭મી સપ્ટેમ્બરે નિબંધ સ્પર્ધા, ૨૮મી સપ્ટેમ્બરે શીઘ્ર નાટક સ્પર્ધા, ૨૯મી સપ્ટેમ્બર પોસ્ટર મેકિંગ સ્પર્ધા, ૩૦મી સપ્ટેમ્બરે શીઘ્ર વકુત્વ સ્પર્ધા અને ૧ લી ઓક્ટોબરે ગાંધી જયંતી કાર્યક્રમ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધી જયંતી કાર્યક્રમ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધી જયંતી કાર્યક્રમમાં મુખ્ય અતિથિ અને વક્તા તરીકે ડૉ. નરેન્દ્રસિંહ ગોહિલ (આસિસ્ટન્ટ પ્રોફેસર, વી.ટી.ચોકસી બી.એડ.કોલેજ, સુરત) ઉપસ્થિત રહી ગાંધીજી વિશે વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના વ્યવસ્થાપક શ્રી ચંદ્રકાંતભાઈ શાહ, પ્રધાનાચાર્ય ડૉ. રિદ્ધિબેન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. બી.એડ.ના તાલીમાર્થીઓએ ગાંધીજીને લગતા કાવ્યપઠન, વક્તવ્ય, નાટકની પ્રસ્તુતિ કરી હતી. સાથે જ ગાંધીજયંતિ નિમિત્તે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધી જયંતિ નિમિત્તે પ્રાસંગિક ઉદબોધન પ્રાધ્યાપક અમૃત વળવી દ્વારા કરવામાં આવ્યું તથા આભારવિધિ પ્રાધ્યાપિકા ભાવિકા પટેલે કરી.

### તરૂણાવસ્થા : સેમિનાર




શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ પાંડેસરા ખાતે તા. ૧૨ ઓક્ટોબરના રોજ દ્વિવર્ષીય બી.એડ્. અભ્યાસક્રમના ભાગરૂપે 'તરૂણાવસ્થા' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારના મુખ્ય વક્તા તરીકે વિવેકાનંદ કૉલેજ ફોર બી. એડ્. જહાંગીરપુરાના આચાર્ય ડૉ. પારૂલબેન નાયક ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારનો પ્રારંભ શ્લોકગાનથી કરવામાં આવ્યો હતો. પ્રાધ્યાપિકા ભાવિકાબેન પટેલએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. વકતા ડૉ. પારૂલબેન નાયકનું સ્વાગત કૉલેજના ઇન્ચાર્જ પ્રધાનાચાર્ય ડૉ. રિદ્ધિબેન દેસાઈએ કર્યું હતું. ત્યારબાદ વક્તાશ્રીએ તરૂણાવસ્થા વિષય પર વિવિધ ઉદાહરણો સહિતની સમજૂતી સાથે વ્યાખ્યાન આપી પ્રશિક્ષણાર્થીઓના જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરી હતી. કાર્યક્રમની આભારવિધિ તાલીમાર્થિની હર્ષિથા રાચાએ કરી હતી.

### ઈનામ વિતરણ



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ પાંડેસરા ખાતે તા. ૧૦મી ડિસેમ્બર, શુક્રવારના રોજ ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. આઝાદીનો અમૃત મહોત્સવ નિમિત્તે યુવા અભિવ્યક્તિ પખવાડિયું ૨૬ મી નવેમ્બરની ૧૦ ડિસેમ્બર સુધી સ્વતંત્રના આંદોલનનો વારસો : ભારતીય બંધારણ વિષય અનુસંધાને વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. ચિત્રકામ, વકતૃત્વ, નિબંધ, રંગોળી સ્પર્ધા, ગીત, પાદપૂર્તિ, વાર્તા કથન સહિતની સ્પર્ધાઓ યોજી હતી. ઇનામ વિતરણ સમારોહમાં વીએનએસજીયુની ૨૭ જેટલી કૉલેજોના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાં શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓને રંગોળી સ્પર્ધામાં પ્રથમ ઇનામ સાક્ષી વણઝારી, સોનવણે સોનાલી અને દીપા શર્મા, તૃતીય ઈનામ દેસાઈ સપના, ઘાસકટા ધ્રુવી, પ્રજાપતિ રિદ્ધિ અને પ્રોત્સાહન ઈનામ હિરે વર્ષા, ચૌધરી ગાયત્રી અને પાટીલ મોહિતને આપ્યું હતું. નિબંધ સ્પર્ધામાં દ્વિતીય ઈનામ શેખ રૂષદા, પ્રોત્સાહન ઈનામ પટેલ માર્ગીને એનાયત થયું હતું. વાર્તાકથનમાં પ્રથમ ઇનામ સાક્ષી વણઝારીને આપ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઓનલાઈનના માધ્યમથી જોડાયા હતા અને તમામ

વિજેતાઓને શુભેચ્છા પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ વિવિધ સંસ્થાના હોદ્દેદારો કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આઝાદીનો અમૃત મહોત્સવનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત મીલ્ક યુનિયન સુમુલ, નવસર્જન ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ, નવચેતના ટ્રસ્ટ, પીપલ ફોર ઇન્ડિયા ફોરમ, સુરત શહેર જીલ્લા મહિલા સંઘ, સંસ્કૃત ભાષા પ્રચારક મંડળ, ગુજરાત હિતરક્ષક સભા, ગુજરાત રાજ્ય પ્રૌઢ શિક્ષણ સંઘ, સદભાવના સંઘ, ગુજરાત સર્વોદય મંડળ, નવ યુવા સંગઠને કર્યું હતું.

## આંતર કૉલેજ વિસ્તરણ વ્યાખ્યાન માળા




શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ, પાંડેસરા ખાતે તા. ૭મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ આંતર કૉલેજ વિસ્તરણ વ્યાખ્યાન માળા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આંતર કોલેજ વિસ્તરણ વ્યાખ્યાન માળા કાર્યક્રમમાં વ્યાખ્યાતા તરીકે ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. અમિતકુમાર આર. માલી ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રધાનાચાર્ય ડૉ. રિદ્ધિબેન દેસાઈએ વકતા ડૉ. અમિત માલીનું પુસ્તક દ્વારા સ્વાગત કર્યું હતું. વ્યાખ્યાન માળાનો વિષય Open Education Resource હતો. અધ્યાપક ડૉ. અમિતકુમાર માલીએ તાલીમાર્થીઓને શિક્ષણમાં OER નો ઉપયોગ કેવી રીતે કરવું, કઈ જગ્યાએથી પ્રાપ્ત થઈ શકે તે વિશે સંપૂર્ણ માહિતી પૂરી પાડી હતી. વિષય OER પરની વ્યાખ્યાનમાળા અસરકારક રહી હતી. તાલીમાર્થીઓને જાણવામાં ઉત્સુકતા અને જ્ઞાનમાં વધારો કર્યો હતો.

## સત્યનારાયણ ભગવાન કથા

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ પાંડેસરા ખાતે તા. ૧૩–૧૨–૨૦૨૧ના રોજ સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાનું આયોજન સામૂહિક રીતે સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૩ના તાલીમાર્થીઓ, અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું. સત્યનારાયણ ભગવાનની કથામાં શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટના પ્રમુખશ્રી સુધાકરજી માસ્ટર, ટ્રસ્ટીશ્રી જીતેન્દ્રભાઈ દેસાઈ, સંચાલકશ્રી ચંદ્રકાંતભાઈ શાહ તથા વી.ટી.પોદ્દાર બી.સી.એ. કૉલેજ, વી.ટી.પોદ્દાર કૉમર્સ કૉલેજના અધ્યાપકો ઉપસ્થિત રહી ભગવાનની આરાધના કરી હતી. સત્યનારાયણ ભગવાનની કથા કરાવનાર બ્રાહ્મણ તરીકે કૃણાલભાઈ દવે જે આ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી છે. તેમને આમંત્રિત કરવામાં આવ્યા હતા. સત્યનારાયણ ભગવાનની કથાને અંતે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું.



## સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ.

### જ્ઞાનસત્ર





તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંલગ્ન સંસ્થાઓના કર્મયોગીઓ માટે જ્ઞાનસત્ર તા. ૧૯–૨૦ નવેમ્બર,૨૦૨૧ ના દિવસોમાં પરમ પ્રમાણ દર્શનાલય, પારડી, જી. વલસાડમાં રાખવામાં આવ્યું. આશ્રમમાં પ્રવેશતા જ એક

પોજિટિવ અને આધ્યાત્મ વાતાવરણ અમારા હૃદયને સ્પર્શયું. ત્યારબાદ એકબીજા સાથે પરિચય કરાવ્યા બાદ પ.પૂ.સ્વામિ નિજાનંદના વ્યાખ્યાન માટે આશ્રમના હૉલમાં એકત્રિત થયા. પરમ પ્રમાણ આશ્રમ તરફથી પૂ. સ્વામિની સત્પ્રિયાનંદજીએ સૌને દીપપ્રાગટ્ય માટે આવકાર્યા બાદ પૂ. સંતો તથા ટ્રસ્ટીશ્રી દિનેશભાઇ પંડ્યાના વરદ હસ્તે દીપપ્રાગત્ય તથા સ્વામિ નિજાનંદજીના વેદઘોષના મંત્રોચ્ચારથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. પ્રારંભિક બેઠકમાં સ્વામીશ્રી નિજાનંદ સરસ્વતી આ વ્યાખ્યાનમાં શિક્ષકે તેના વ્યવસાય અને તેના પ્રત્યેના કર્તવ્યભાવને ધ્યાનમાં રાખવું જોઈએ તે વિશેની ગહન સમજ આપી. જેમાં તેમણે શિક્ષકે વિદ્યાર્થીને ધનપ્રાપ્તિ માટેની વિદ્યા, શારીરિક સ્વાસ્થ્ય માટેની વિદ્યા, આત્મવિદ્યા, લાગણીતંત્ર એટલે કે સ્વજનો સાથેના સંબંધો જાળવવાની વિદ્યા આપવી જોઈએ. શારીરિક સ્વાસ્થ્ય માટે આહાર, વિહાર, ઊંઘ અને વ્યાયામ આ ચાર બાબતોનો વિચાર કરવો પડે. આજે શિક્ષકોએ વિદ્યાર્થીઓને ધન વધે એટલે સુખ વધે એ ભ્રાંતિમાંથી બહાર કાઢવાના છે. ત્યારબાદ સૌ આશ્રમ પાસે આવેલ પાર નદીની મુલાકાત માટે ગયા. સાયંઆરતી કરી સ્વામીજીએ અમારાં અનેક પ્રશ્નોનું સમાધાન કરી અને આધ્યાત્મ જ મનની શાંતિ, સુખ, સુવિધાનું મુખ્ય કેન્દ્રબિંદુ છે તે જણાવ્યું. નર્મદા સંસ્કૃત વેદપાઠશાળાના પ્રાધ્યાપક ડો. હરીશભાઈ ભટ્ટ દ્વારા અભારદર્શન કરવામાં આવ્યું.

તા. ૨૦–૧૧–૨૦૨૧ના રોજ પ્રાતઃ પ્રાર્થના બાદ સ્વામિ નિજાનંદજીએ અમને બધાને ધ્યાન કરાવ્યું. તે કરવાથી આપણું મન કેટલું શાંત બને છે તથા આપણે આપણામાં રહેલા વ્યક્તિને ઓળખીએ છીએ અને અમે મનની સ્થિરતાને પામ્યા. ત્યારબાદ સ્વામિની શ્રધ્ધાનંદજીના વ્યાખ્યાન માટે સૌ એકત્રિત થયા. નવજીવન વિદ્યાલયના આચાર્ય શ્રી કિર્તિબેન જોષીના શાબ્દિક સ્વાગતથી આ વ્યાખ્યાનની શરૂઆત કરવામાં આવી. સ્વામિની શ્રધ્ધાનંદજીએ જણાવ્યું કે ઈશ્વરે રચેલી આ સૃષ્ટિમાં આપણું જીવન ક્ષણભંગુર છે, અલ્પ છે તો આપણે આપણાં જીવનને શ્રેષ્ઠ રીતે જીવવું જોઈએ. ભગવદગીતાને આપણે આપણાં જીવનમાં ઉતારીએ તો આપણને આપણાં જીવનનો ધ્યેય પ્રાપ્ત થાય છે. દુઃખ નિવારણ માટે શ્રીમદ ભગવદ ગીતાનો શ્રેષ્ઠ ફાળો છે. આ વ્યાખ્યાનમાં તેમનો ગુજરાતી ભાષા પર પ્રભુત્વ અજોડ હતું અને તેમની સમજાવવાની પદ્ધતિ અદભૂત હતી. ત્યારબાદ આયોજન અંગેની બેઠકમાં આગામી સત્રમાં મે –૨૦૨૨ સુધી સંસ્થાકીય આયોજન તમામ સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું. જેમાં યુથમિટ, સેમિનાર, વર્કશોપ, સ્પોર્ટસવિક જેવી વિવિધ સ્પર્ધાઓનું આગોતરૂ આયોજન કરી અમલ થાય તેમ નક્કી કરાયું અને સંસ્થાના ટ્રસ્ટીશ્રી અને નિયામકશ્રી સમક્ષ જણાવ્યું. સ્વામિની સત્પ્રિયાનંદજીએ વ્યાખ્યાનમાં જણાવ્યું કે શિક્ષકે શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીને આપણી સંસ્કૃતિ, આપણાં વેદો–ઉપનિષદો, પુરાણો વિશે પણ જ્ઞાન આપવું જોઈએ. તેઓ અમારી સંસ્થામાં આવી તપોવનના વિદ્યાર્થીઓને પણ આ જ્ઞાનાત્મક વૃધ્ધિ માટે મદદરૂપ બનશે. અંતે અમે સ્વામિ નિજાનંદજી સાથે વિદાય લીધી. અમે જાણ્યું કે સંસ્થામાં મગજ ખીલે છે પણ આધ્યાત્મિક સંસ્થામાં અમે હદયને ખીલતા જોયું. ભારતીય સંસ્કૃતિનો આધ્યાત્મિક વારસો અજોડ છે. જે પરમ પ્રમાણદર્શન આશ્રમ થકી અમે જાણ્યું.

## ધર્મ અને વિજ્ઞાન : વ્યાખ્યાનમાળા મણકો–૨




તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત સત્યમ કોલેજ ઓફ એજયુકેશન મહિલા બી.એડ.કોલેજમાં તા. ૨૭–૧૧–૨૦૧૧ને શનિવારે સવારે ૧૧:૩૦ કલાકે ધર્મ અને વિજ્ઞાનનો સમન્વર્ય વિષય પર વ્યાખ્યાનમાળા મણકો–૨ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય વક્ર શ્રી નર્મદા સંસ્કૃત વેદપાઠશાળાના પ્રધાનાચાર્ય ડૉ. હરીશચંદ્ર ભટ્ટ હતા.

કાર્યક્રમની શરૂઆત બી.એડ.ની તાલીમાર્થી બહેનો દ્વારા સમૂહમાં પ્રાર્થના ગાઈ કરવામાં આવી. ત્યારબાદ મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત તથા તેમનો પરિચય બી.એડ.ના પ્રધ્યાપક શ્રી હિમાંશુભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું. વકતાશ્રી ડો.હરીશચંદ્ર ભટ્ટે પોતાના વકતવ્યમાં જણાવ્યું કે ધર્મ એ ઈંદ્રિયાતીત છે. ધર્મ સાથે વિજ્ઞાન જોડાયેલુ છે. ધર્મમાં વિજ્ઞાન સમાયેલું છે. ધર્મના વિવિધ શાસ્ત્રો થકી વિજ્ઞાન ઉત્પન્ન થયેલ છે. કપિલ ઋષિએ સાંખ્ય સિદ્ધાંત, ગૌતમ ઋષિએ ન્યાયશાસ્ત્ર, પતંજલીએ યોગશાસ્ત્ર આપ્યું છે. ધાતુવિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર વગેરે શાસ્ત્રો વર્ષો પહેલા ઋષિમુનિઓએ રચેલા છે. પરમાત્માના દર્શન ધર્મ જ કરાવી શકે વિજ્ઞાન નહિ. ધર્મ છે તો અને તો જ વિજ્ઞાન છે.

ત્યારબાદ વિદ્યાર્થીનીઓના પ્રશ્નોના ઉત્તર ડો. હરીશચંદ્ર ભટ્ટે ખૂબ સરળતાથી સમજાવીને આપ્યાં. કાર્યક્રમનું સંચાલન અને અંતે અભારદર્શન બી.એડ. ના પ્રાધ્યાપક શ્રી ગણેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું. અંતમાં રાષ્ટ્રગીતનું સમૂહગાન કરી સમારંભની પૂર્ણાહુતિ કરવામાં આવી.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### Slogan Competition



C. N. Kothari Homoeopathic Medical College and Research Centre, Vyara in collaboration with HMAI, (Vyara Unit) Department of Community Medicine conducted "SLOGAN COMPETITION" to mark World Aids Day on 1st Dec 2021.

The following students were declared winners as follows:

1. Miss. Raveena Ladumor - 1st prize
2. Miss. Purvi Lad - 2nd prize
3. Mr. Nirmal Shiroya - 3rd prize
4. Mr. Devesh Sisara - 3rd prize

Attractive cash prizes will be awarded on 15th December 2021. First and Second prize were sponsored by college and third prize by HMAI, Vyara unit.

The Competition was judged by following faculties of college:

Dr. Pramod Patel
Dr. Mahendra Burad
Dr. Pankaj Lathiya

College congratulates all winners and participants and thanks judges for their valuable judgement Appreciation is extended to Community Medicine department for this activity under the guidance of Dr. Jyoti Rao, Principal of the college.

### Tribute to late Dr. Markand Bhatt

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara staff paid highest respectful tribute to Late Dr. Markand Bhatt, legendary homoeopath of South Gujarat on his birth anniversary on 15 December 2021. College and HMAI Vyara Unit arranged Competition - "Figure out Materia Medica with Fun" for all students with attractive prizes in memory of Late Dr. Markand Bhatt. In this competition good numbers of students took part with great enthusiasm in this Covid situation. Dr. Pramod Patel, HOD - Homoeopathic Materia Medica Department. gave his valuable service as expert. College appreciates the efforts of all participants in this Covid situation. Winner are as follows:

| | | |
|---|---|---|
| 1st prize | - | Rs. 3000/- Priyanka Upadhyay |
| | - | 3rd BHMS |
| 2nd prize | - | Rs. 2000/- Milan Jayswal |
| | - | 4th BHMS |
| 3rd prize | - | Rs. 1500/- Devesh Sisara |
| | - | 4th BHMS |

Two consolations prizes from HMAI Vyara as follows:

| | | |
|---|---|---|
| 4th prize | - | Rs. 250/- Tarjani Parekh |
| | - | 4th BHMS |
| 5th prize | - | Rs. 250/- Krishna Pathak |
| | - | 4th BHMS |

This activity was coordinated by Homoeopathic Materia Medica Department under the guidance of Principal Dr. Jyoti Rao.





## B. P. Baria Science Institute, Navsari.

### Sports Achievement

It gives us immense joy to announce that Ms. Rathod Palak Anilkumar and Ms. Patel Shivani Jayeshbhai of B. P. Baria Science Institute had won the Gold and Bronze medals respectively at the recently concluded Inter College Boxing Tournament for women organised by Veer Narmad South Gujarat University, Surat at SDJ International College, Vesu. Both the students are studying in their first year B.Sc. The entire college wishes them many more successes in their future endeavour's.








### Yoga Workshop

The college along with Vivekanand Health Centre had jointly organized a three day workshop titled – "Body and Mind-Fit and Fine", for the students from 23rd – 25th September, 2021. More than 150 students of the college participated in different batches and benefited from the workshop.



### Gadhi Jyanti Celebration

The NSS wing of our college celebrated Gandhi Jyanti on 2nd October, 2021. As part of the celebration, the students and staff participated in a campus cleanliness drive and then the statue of Mahatma Gandhi was cleaned and garlanded.

Our Principal Dr.Farida Minocheherhomji & Vice Principal Dr. Alkesh I Shah encouraged all the NSS students present and the programme was held under the guidance of our NSS programme officers Dr. Jitendra Tandel ,Dr Rajesh Patel and Dr Swati D. Naik.




## NCC Activity

JUO Dhyey K. Dhimmar and L/CPL Aditya S. Upadhyay studying in T. Y. B.Sc. (Mathematics) had been selected for Pre RDC camp of NCC at Jeetnagar. The camp was held from 4/10/2021 to 10/10/2021 and Mr Dhyey K. Dhimmar was shortlisted for PreRDC – II.

We are also happy to know that Ms Tandel Hiral from S.Y.B.Sc (C/P) and Mr. Tanvar Ankitsingh from S.Y. B.Sc. (P/M) have won the first and the second prize respectively in solo dance SD and Ms. Pooja Dalvi from S.Y.B.Sc. (Microbiology / Chemistry ) has won the second prize in solo dance SW at the CATC – IV NCC camp, Rajpipla. The event was organized by 20 Gujarat Battalion. These students have also won the second prize in the group dance competition.

The NCC cadets of the college also participated in Puneet Sagar Abhiyan at Dandi beach on 5th December, 2021. The abhiyan is part of the NCC's nationwide campaign to keep our sea shores free of plastic and other waste materials alongwith creating awareness about importance of keeping the beaches clean. The aim of the month long campaign is to propagate the message of – importance of clean sea beaches amongst the local population and future generation beginning from 1st December, 2021.















## Invited talk

**(1)** The Microbiology Department of our college which is one of the oldest in the region had arranged an invited talk on 9th October, 2021 with an aim of creating awareness among the students regarding the different career opportunities for microbiology students. The keynote speaker was Dr. Sanjay N. Parekh from Shree Ramkrishna Institute of Sarvajanik University, and the title of the talk was – Career Opportunities in Microbiology. Dr. Sanjay Parekh is an Associate Professor and has a teaching and research experience of almost two decades. The welcome speech was given by our principal, Dr.Farida P. Minocheherhomji.

**(2)** A motivational and inspirational speech was arranged by the Zoology Department of

our institute for T. Y. B. Sc. students. The keynote speaker was Shri Anilbhai Bhudhra who is presently based in Thailand. Shri Anilbhai is an alumni of the department. He had also decorated the department with his hand painting showing a shark whale and a dolphin.



**(3)** The Chemistry Department of B.P.Baria Science Institute had organized an invited talk on 7th October, 2021 titled–The Chemistry you study v/s the Chemistry in industries. The keynote speaker was Mr. Keyur Patel, Director of MACSON Group, Surat. He elaborated on the various aspects of industrial chemistry practiced including the work culture in Indian industries and the skills required as well as the scope for chemistry students in India and abroad. He also invited students for a free practical training session's at his company.






**(4)** An invited talk was arranged by the Mathematics Department of our college on 25th October, 2021. The title of the talk was - The Man and the Genius: Ramanujan. The keynote speaker was Dr. Devbhadra V. Shah, who is presently working as an Associate Professor in the Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat. The convener of the function was Prof. Kersi P. Tamboli, the Head of the Mathematics Department. In his talk, Dr. Devbhadra had very nicely shared a photo biography of the greatest mathematician Srinivasa Ramanujan which was very well received by all the participants. The Vice Principal of the college Dr. Alkesh I. Shah, the Head of Chemistry Department Prof. A. C. Champaneri and many other faculties remained present and enjoyed the essence of the genius mathematician – Ramanujan.







**(5)** Under the auspices of Women's Cell and NSS of our college, a seminar on – Women's Right to safety and Security was arranged successfully on 28th October, 2021. The keynote speaker was Dr. Shehnaz Billimoria who is presently the I/C Principal of Dinshaw Daboo Law College, Navsari. In the presence of more than 150 students including boy's as well as girl's, Dr. Billimoria discussed the various constitutional rights to women's safety including protection of children against sexual offences bill (POCSO). In her lucid speech, Dr. Billimoria emphasized the need for citizens to come forward to protect innocent children from the evil mentality prevalent in the society and seek legislative help. She also narrated the punishment for the criminals who exploit, harm and harass children. The whole session was interactive and many participants actively participated in the discussion. The welcome speech was delivered by the Principal, Dr. Farida P. Minocheherhomji. The Head of the Microbiology Department, Prof. V. R. Sharma and the NSS programme officer Dr. J. H. Tandel had remained present. The entire programme was conducted by Dr. Kirtidaben Vaidya of our Chemistry Department.







**(6)** Importance of Sports and Self Hygiene on 29th October 2021. Under the auspices of – "Amrut Mahotsav par Yuva Sankalp , Shrestha Bharat ke Panch Prakalp", the college had organized an invited talk for students studying in S. Y. B.Sc and T. Y. B.Sc. on 23rd October, 2021. The title of the talk was –"Importance of Sports and Self Hygiene". The keynote speaker was Shri N. P. Tandel, Retired sports teacher of our institute. The function was hosted by our NSS coordinator Dr. J. H. Tandel and the function was presided over by our Principal Dr Farida P. Minocheherhomji and Vice Principal Dr. Alkesh I. Shah.



**Quiz Competition**

Under the auspices of "Amrut Mahotsav par Yuva Sankalp , Shrestha Bharat ke Panch Prakalp", the college had organized a quiz competition for students studying in S. Y. B.Sc and T. Y. B.Sc. on 23rd October, 2021. The subject of the quiz was – Indian Constitution. The quiz was arranged in the seminar hall of the Microbiology Department and was conducted by Smt. Jalpa Padhiyar and Mr. Mihirbhai Patel, Chief Science Coordinator, GUJCOST.



## Drawing Competition for School Students

B. P. Baria Science Institute and the District Community Science Centre had jointly organized a drawing competition for school students under the auspices of Azadi ka Amrit Mahotsav.






## Vocational Training

Three of our T.Y.B.Sc. students from the Microbiology department Ms. Gajra Krishna V., Pancholi Maitry M. and patel Nirmal P. have successfully cultivated mushroom as seen in the photos. These students had participated in a training programme held at Naranlala college, Navsari.







**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
I/c. University Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in